CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫

ટેક્નો ટ્રેન્ડ




### સરકારી તંત્રનો શહેર માટે IT ક્ષેત્રે નથી કોઇ ઝોક, સહાય કે માળખું, છતાં

# સુરતમાં સ્વબળે ઊભું થઇ રહેલું IT હબ-ડિજિટલ વેલી

ઇન્ફોર્મેશન ટેકનોલોજી, એટલે કે IT ક્ષેત્રે સૌથી પહેલું નામ આવે યુ.એસ.એ.નું અને તેમાંયે ત્યાંના સીલીકોન વેલી વિસ્તારનું કે જ્યાં વિશ્વની સૌથી મોટી અને જાણીતી IT કંપનીઓના હબ છે. ભારતની વાત કરીએ તો IT હબ તરીકે વિકસેલા હૈદ્રાબાદ, બેંગ્લોર, પુના કે પછી ગુરૂગ્રામના નામ અગ્રેસર આવે. જો કે, અત્યાર સુધી આ ક્ષેત્રે ગુજરાત તો કયાંયે ચિત્રમાં જ નથી. રાજ્યની કે કેન્દ્ર સરકારનો પણ હાલ સુધી તો ગુજરાત તરફે આ ક્ષેત્રે ખાસ કોઈ ઝોક દેખાયો નથી. ભૂતકાળમાં વડોદરાને IT હબ તરીકે વિકસાવવાના થોડા અંશે પ્રયાસો થઈ ચૂકયા પણ ખાસ એવી સફળતા મળી નહીં. હવે ગાંધીનગરના ગિફ્ટ સીટીને ITમાં આગળ ધપાવવાની સરકારની નેમ જણાય છે. પણ આ બધા વચ્ચે સુરત તો IT ક્ષેત્રે કયારેય સરકારની નજરે ચડયું જ નથી. આમ હોવા છતાં સુરતમાં હરહંમેશની જેમ તેની આગવી તાસીર મુજબ, કોઈ પણ સરકારી સહાય કે સરકારી ઝોક કે IT ક્ષેત્રે કોઈપણ ઈન્ફ્રાસ્ટ્રકચરલ સપોર્ટ વિના સ્વબળે જ IT ઈન્ડસ્ટ્રીનો વિકાસ ધરખમ ગતિએ ચાલી રહ્યો છે. સુરતમાં આપોઆપ જ વિકસી રહી છે 'ડિજિટલ વેલી'. ઘણાંને થશે કે આ વળી સુરતમાં તે કઈ ડિજિટલ વેલી? શહેરના ઉત્રાણ અને મોટા વરાછાના માત્ર ચાર જ કિ.મી. ના વર્તુળના વિસ્તારમાં જ સુરતની કુલ આશરે 1500 IT કંપનીઓમાંથી સત્તાવાર રીતે 500 અને બિન સત્તાવાર રીતે 800 જેટલી IT કંપનીઓ કાર્યરત છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલા આ વિસ્તારના લોકો અમેરિકાની સિલીકોન વેલીથી પ્રેરિત થઈ આ વિસ્તારને 'ડિજિટલ વેલી' તરીકે સંબોધવા લાગ્યા. હવે આ નામ પ્રચલિત થઈ જતાં તે આપોઆપ જ એક સરનામા સમું બની ગયું અને 'ડિજિટલ વેલી' તરીકે જ વિસ્તાર ઓળખાવવા લાગ્યો. ભલે IT ક્ષેત્રે સુરત પરત્વે તંત્રની ઉદાસીન નીતિને કારણે આ ડિજિટલ વેલીમાં હજુ સુધી દેશ-દુનિયાની કોઈ મોટા IT જાયન્ટે પોતાનું હબ વિકસાવ્યું નહીં હોય પણ સુરતમાં કોડીંગ અને સોફટવેર ક્ષેત્રેની અઢળક ટેકનિકલ નિપુણતા અને અખૂટ ટેલન્ટના ભંડારને લીધે અહીં આપબળે જ આટલા મોટા પ્રમાણમાં અને વિવિધ પ્રકારની અસંખ્ય IT કંપનીઓ ચાલી રહી છે. ડિજિટલ વેલીના વિસ્તારમાં પહેલી આઈટી કંપની 2012માં શરૂ થઈ હતી. બાદમાં 2019 પછી ડિજિટલ વેલીએ હરણફાળ ભરી અને કોરોના બાદ તો આ ડિજિટલ વેલીનો એવો વિકાસ થયો છે કે આજે ભારતની મોટી મોટી કંપનીઓ દ્વારા પોતાના સેન્ટરો આ ડિજિટલ વેલીમાં શરૂ કરવામાં આવી રહ્યા છે. આઈટીને લગતું ભાગ્યે જ કોઈ કામ એવું હશે કે જે ડિજિટલ વેલીમાં થતું ન હોય. એક સમય હતો કે જ્યારે ભારતની કંપનીઓ દ્વારા અમેરિકાથી આઈટીના કામ લઈને કરવામાં આવતા હતા. આજે એવી સ્થિતિ છે કે સુરતની ડિજિટલ વેલીની કંપનીઓ અમેરિકાના ટેકનોક્રેટ પાસે આઉટસોર્સની કામગીરી કરાવી રહી છે. આ ડિજિટલ વેલીની એ ખાસિયત છે કે આ આઈટી કંપનીના 90 ટકા માલિકો સૌરાષ્ટ્રીયન છે.

**ઉત્રાણ-મોટાવરાછાના 4 કિ.મી. પરીઘના એરિયામાં વિકસી છે ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીની આ ડિજિટલ વેલી**

**દર મહિને 5000થી વધુ આઈટી પ્રોફેસર તથા 15થી વધુ નવી કંપની ડિજિટલ વેલીમાં જોડાય છે**

**આખા વિશ્વમાં ડિજિટલ વેલી જ એવું આઈટી હબ છે કે જ્યાં આટલા વિસ્તારમાં 500થી વધુ આઈટી કંપની છે**

## શા માટે ઉત્રાણ-મોટા વરાછામાં જ ડિજિટલ વેલીમાં આઈટી કંપનીઓનો વિકાસ થયો ?

આ વિસ્તારની આઈટી કંપનીઓમાં મોટાભાગે સૌરાષ્ટ્રવાસીઓ જ છે. ઉત્રાણ અને મોટા વરાછા એવો વિસ્તાર છે કે જેનાથી વરાછા અને કતારગામ નજીક છે. આ વિસ્તારની નજીકમાં અમરોલીમાં બીસીએ કોલેજ અને કાપોદ્રાની ધારૂકાવાળા કોલેજમાં આઈટીના કોર્ષ ચાલતા હોવાથી આ વિસ્તારમાં ઝડપથી આઈટી માટે કર્મચારીઓ મળી જાય છે. ઉપરાંત ડિજિટલ વેલીમાં કામ કરતા કર્મચારીઓમાં 60 ટકા મહિલાઓ છે. જેથી તેમને તેમના વિસ્તારની નજીક નોકરી મળી જાય છે. અનેક મહિલાઓ દ્વારા તો આ આઈટી કંપનીઓમાં વર્ક ફ્રોમ હોમ કરવામાં આવી રહ્યું છે. આ કંપની શરૂ કરનારા યુવાનો છે અને આ તમામ યુવાનોના રહેણાંક વિસ્તારો પણ કતારગામ, વરાછા, મોટા વરાછા અને ઉત્રાણ હોવાથી આ વિસ્તારમાં જ અનેક આઈટી કંપનીઓ ઊભી થઈ છે. ઉત્રાણના રોયલ આર્કેડમાં પ્રથમ આઈટી કંપની શરૂ થઈ હતી અને હવે આખા વિસ્તારોમાં ફેલાઈ ચૂકી છે. આ વિસ્તારમાં અનેક કોમર્શિયલ કોમ્પ્લેક્ષ પણ આઈટી કંપનીને ચાલી શકે તેવા બની રહ્યા છે.



## વડાપ્રધાન અને વિદેશ મંત્રીએ પણ ડિજિટલ વેલીની નોંધ લીધી છે: રોમિત ગાબાણી

સાઉથ ગુજરાત ઈનોવેશન એન્ડ ટેકનોલોજી કાઉન્સિલના ડાયરેકટર અને સુરત આઈટી કોમ્યુનિટીના કોર વોલેન્ટિયર રોમિત ગાબાણીએ જણાવ્યું હતું કે, સુરતની ડિજિટલ વેલી અને તેની આઈટી કંપનીઓની નોંધ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ લીધી છે.

## ડિજિટલ વેલીમાં દર મહિને 5000 જેટલા નવા આઈટી પ્રોફેશનલ્સ જોડાય છે

ડિજિટલ વેલીની આ કંપનીઓમાં હાલમાં 50 હજાર આઈટી પ્રોફેશનલ કામ કરી રહ્યા છે અને દર મહિને 100 કરોડથી પણ વધુનું ટર્નઓવર આ આઈટી કંપનીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ડિજિટલ વેલીમાં દર મહિને 5 હજાર જેટલા નવા આઈટી પ્રોફેશનલ્સ જોડાય છે અને દર મહિને 15થી 20 જેટલી નવી કંપનીઓ પણ શરૂ થાય છે.

## એક બિલ્ડરે તો પોતાના પ્રોજેક્ટને ડિજિટલ વેલી નામ આપ્યું હતું, બાદમાં બદલ્યું

ડિજિટલ વેલીની વધતી મહત્તાને પગલે આ વિસ્તારને એક બિલ્ડરે ઉત્રાણના પોતાના પ્રોજેક્ટને ડિજિટલ વેલી જ નામ આપી દીધું હતું. આની ખબર ડિજિટલ વેલીના આયોજનકર્તાઓને મળતા તેઓએ તુરંત બિલ્ડરને સમજાવ્યો હતો કે ડિજિટલ વેલી વિસ્તારનું નામ છે. કોઈ એક પ્રોજેક્ટને આપી શકાય નહીં. ખૂબ સમજાવટ બાદ આ બિલ્ડરે પોતાના પ્રોજેક્ટને ડિજિટલ વેલીને બદલે સુરત ડિજિટલ વેલી નામ આપ્યું હતું.

## ઉત્રાણ-મોટાવરાછાના 16 કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં માત્ર IT કંપનીઓ જ છે?

ડિજિટલ વેલીમાં એટલા મોટાપાયે આઈટી કંપનીઓ છે કે આ વિસ્તારના 16 જેટલા કોમર્શિયલ કોમ્પ્લેક્ષ એવા છે કે જેમાં માત્ર આઈટી કંપનીઓ જ કામ કરે છે. આરટીઓને લગતી આઈટી પ્રોડક્ટ બનાવતી અને એક એક પ્રોડક્ટ 200 કરોડમાં વેચતી વસુંધરા નામની આઈટી કંપનીની તો ડિજિટલ વેલીમાં પોતાની બિલ્ડિંગ છે.

## તીનપત્તી, રમી, જંગલી, MPL જેવી પ્રખ્યાત ગેમિંગ એપ્લિકેશન ડિજિટલ વેલીમાં બની છે

મોબાઈલમાં ગેમ્સની એપ્લિકેશન મામલે સુરતની ડિજિટલ વેલી આખી દુનિયામાં પ્રખ્યાત છે. તીનપત્તી, રમી, જંગલી રમી, MPL સહિતની 90 ટકા જેટલી ગેમિંગ એપ્લિકેશન ડિજિટલ વેલીમાં જ બની છે. વોટ્સએપ સ્ટેટ્સ સેવર એપ્લિકેશન પણ ડિજિટલ વેલીમાં બની છે. ડિજિટલ વેલીમાં હવે નવી પ્રોડક્ટ ગીતોની બની રહી છે. જેમાં ભૂતકાળમાં જે રીતે ગાયકો ગીત ગાતા હતા તેવી જ રીતે ગાયકના અવાજ સાથેના ગીતો તૈયાર કરવામાં આવી રહ્યા છે.




## ગુગલે ડિજિટલ વેલીને 'હિસ્ટોરિકલ લેન્ડમાર્ક ઓફ સુરત' તરીકે પણ ગણાવ્યું છે

આઈટી કંપનીઓનો સમાવેશ કરતી સંસ્થા દ્વારા ઉત્રાણ અને મોટા વરાછાના 4 કિ.મી.ના વિસ્તારને ડિજિટલ વેલી જાહેર કરાયા બાદ આઈટી કંપનીઓની ભરમારને પગલે ગુગલે પણ પોતાના મેપમાં ડિજિટલ વેલીને 'હિસ્ટોરિકલ લેન્ડમાર્ક ઓફ સુરત'નું બિરૂદ આપ્યું છે. ગુગલ પર ડિજિટલ વેલી એક જ દિવસમાં 80 હજાર વખત સર્ચ થતાં ગુગલે પણ તપાસ કરી હતી અને બાદમાં આ બિરૂદ જાહેર કરાયું હતું. જેને ગુગલ મેપ પર જોઈ શકાય છે.

## ડિજિટલ વેલીમાં શું-શું થાય છે ?

ડિજિટલ વેલીની આઈટી કંપનીઓમાં આઈટીને લગતા તમામ સોફ્ટવેરથી માંડીને તમામ એપ્લિકેશનો બનાવવામાં આવી રહી છે. ચાહે સાસ હોય કે પછી ક્લાઉડ કોમ્પ્યુટિંગ, કે પછી એઆઈ ડેવલપમેન્ટ, ગેમ ડેવલપમેન્ટ, ક્રિપ્ટો કોડિંગ, તમામમાં ડિજિટિલ વેલીની આઈટી કંપનીઓ અવ્વલ કામગીરી કરી રહ્યા છે. વિશ્વની લગભગ તમામ કન્ટ્રીના આઈટીને લગતા આઉટસોર્સિંગનું કામ પણ ડિજિટલ વેલીની કંપનીઓ દ્વારા કરવામાં આવે છે.

## ડિજિટલ વેલીની મોટી કંપનીઓ

- » આઈટીની જાણીતી કંપની ZOHO દ્વારા ડિજિટલ વેલીમાં પોતાનું સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.
- » Hisaab કંપની દ્વારા પણ પોતાનું સેન્ટર આ ડિજિટલ વેલીમાં શરૂ કરવામાં આવ્યું છે.
- » ડિજિટલ વેલીની Identivweb કંપની દ્વારા પોતાનો આઈપીઓ પણ લાવવામાં આવી રહ્યો છે.
- » વર્લ્ડની બધી બેંકોમાં ડેટા સિક્યુરિટી પ્રોડક્ટ બનાવતી Casepoint pvt.ltd. કંપની દ્વારા તાજેતરમાં જ વિદેશની Thomabravo કંપની સાથે આઈટી પ્રોડક્ટ માટે 2000 કરોડની ડીલ કરવામાં આવી છે
- » અશ્વી કંપની દ્વારા ડિજિટલ વેલીમાં જ પ્રથમ વખત સેમ ડે ક્લિયરિંગની બેંકિંગ સિસ્ટમ બનાવવામાં આવી હતી
- » TCS કંપની સાથે પણ ડિજિટલ વેલીની કંપનીઓ દ્વારા ટાઈઅપ કરવામાં આવ્યું છે. TCSના અનેક પ્રોડક્ટ ડિજિટલ વેલીમાં બને છે.
- » અમેરિકામાં જે મોબાઈલ એપ્લિકેશનો બને છે તેમાં ડિજિટલ વેલીની કંપનીઓના જ ટુલ્સ અને યુટિલિટી વપરાય છે.

## 'ભારત પે'ના સહસ્થાપક સુરતના જ IT પ્રોફેશનલ છે

2017માં જેણે શાશ્વત નાકરાણી સાથે મળીને ભારત પે એપ્લિકેશન બનાવી કંપનીની સ્થાપના કરી હતી તે ભાવિક કોલડીયા પણ સુરતના જ આઈટી પ્રોફેશનલ છે. જોકે, અમેરિકામાં તેમને ક્રેડિટ કાર્ડમાં દોષિત ઠેરવવામાં આવતા તેમણે 2018માં ભારત પેના ડિરેક્ટર તરીકે રાજીનામુ આપી દીધું હતું. બાદમાં તેમણે OTPless નો હવાલો સંભાળ્યો હતો.



## પાંચ વર્ષમાં ડિજિટલ વેલી સિલિકોન વેલીને ટપી જાય તો નવાઈ નહીં: ગણપત ધામેલીયા

સાઉથ ગુજરાત ઈનોવેશન એન્ડ ટેકનોલોજી કાઉન્સિલના પ્રમુખ અને અશ્વી કન્સલ્ટિંગ કંપનીના માલિક ગણપત ધામેલિયાએ જણાવ્યું હતું કે, ડિજિટલ વેલીનો આટલો વિકાસ છેલ્લા પાંચ વર્ષમાં જ થયો છે. આગામી પાંચ વર્ષમાં ડિજિટલ વેલી અમેરિકાની સિલિકોન વેલીને પણ ટપી જાય તેવી સંભાવના છે. ડિજિટલ વેલીના નામકરણ માટે હાલમાં સરકારમાં રજૂઆતો ચાલી રહી છે અને ડિજિટલ વેલીના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રકચરની માંગણી પણ સરકાર સમક્ષ કરવામાં આવી છે.

## સરકાર ઈન્ફ્રાસ્ટ્રકચર ફાળવે તો સુરત રાજ્યનું આઈટી હબ બની શકે છે

ડિજિટલ વેલીમાં આશરે 500થી 800 અને આખા સુરતમાં 1500 જેટલી આઈટી કંપનીઓ છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર સહાય કરે તો એવી કલ્પના એવી કરી શકાય કે સુરત આખા ગુજરાતમાં આઈટી હબ બની શકે છે. સરકારે અગાઉ વડોદરા અને ગાંધીનગરને આઈટી હબ બનાવવાનો પ્રયાસો કર્યા પરંતુ સફળ થયા નથી ત્યારે સુરતમાં સરકારે આઈટી કોલેજોની સાથે સાથે આઈટી પ્રોફેશનલ્સને તાલીમ આપવી જોઈએ અને સાથે સાથે આઈટી કંપનીઓના વિકાસ માટે પણ ભંડોળ સહિતના આયોજનો કરે તો 'સોનામાં સુગંધ ભળે' તેવું છે. ખુદ ડિજિટલ વેલીના આગેવાનો સરકારને રજૂઆતો કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પણ આ મામલે ઈનિશિએટિવ લેવામાં આવે તે જરૂરી છે. જો સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર આપવામાં આવશે તો સંભવ છે કે આગામી દિવસોમાં સુરત રાજ્યનું આઈટી હબ બની શકે અને જો સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવે તો બની શકે છે કે આગામી એક દાયકામાં સુરત દેશનું આઈટી હબ બની જાય.